### માત્ર લાગવગથી નોકરી મળે એ ગેરસમજ કાઢી નાંખો : મુખ્ય સચિવ

# અમને લાગવગ નહીં, લાયકાતથી નોકરી મળી છે : ડો. જે. એન. સિંઘ

## ગુજરાત યુનિ.માં રોજગાર મેળો : ૬,૧૩૪ જગ્યા માટે ૨,૩૧૮ની પસંદગી

। અમદાવાદ ।

'લાગવગ હોય ત્યારે જ નોકરી મળે તેવી માન્યતા મનમાં હોય તો કાઢી નાખજો. અમને લાગવગથી નહીં પરંતુ લાયકાતથી નોકરી મળી છે. તમારી પાસે કમ્પ્યૂટરનું વર્ડ, એક્સેલ, વેબ ડિઝાઇનનું જ્ઞાન હોવું જોઈએ. કોઈપણ બેઝિક જોબમાં હવે કમ્પ્યૂટરનું જ્ઞાન જરૂરી છે. જો અંગ્રેજી કે હિન્દી નબળું છે તો તેને સુધારો. ગ્રેજ્યુએટ થયા પછી તમારામાં કોઈ સ્કિલ હોવી જ જોઈએ. પ્રથમ નોકરી બીજી નોકરી માટેની તક સર્જે છે. મેં પણ તમારી જેમ નોકરી શોધવાનો તણાવભર્યો સમય પસાર કર્યો છે. અમદાવાદ જિલ્લામાં અમે ૩૭ રોજગાર મેળા યોજ્યા છે જેમાં ૨૦,૦૦૦ને નોકરી મળી છે, તેમ મુખ્ય સચિવ ડો. જે. એન. સિંઘે ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં આયોજિત રોજગાર મેળામાં નોકરીવાંચ્છુઓને માર્ગદર્શન આપતા કહ્યું હતું.



આ જોબફેરમાં લઘુતમ વેતન વાર્ષિક રૂ.૯૬,૦૦૦થી માંડીને રૂ.૮ લાખ સુધીની વિવિધ ૬,૧૩૪ વેકેન્સી સાથે ૫૦ નોકરીદાતાઓ હાજર રહ્યા હતા. કુલ ૧૫,૦૦૦ ઉમેદવારોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે. તેમાંથી આજે ૩,૨૧૯ હાજર રહ્યા હતા. પ્રથમ દિવસે ૨,૩૧૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી થઈ છે. જેમાં ૧,૮૩૯ પુરુષ અને ૪૭૯ સ્ત્રી ઉમેદવાર છે.

# रोजगार मेले में 2300 युवाओं का प्रारंभिक चयन

**अहमदाबाद.** देश में आर्थिक मंदी के माहौल के बीच शुक्रवार को गुजरात विश्वविद्यालय में आयोजित जिला स्तरीय रोजगार मेले में 3216 युवाओं ने शिरकत की। साक्षात्कार की प्रक्रिया के बाद प्रारंभिक स्तर पर 2318 युवाओं का नौकरी के लिए चयन किया गया। इनमें 1839 पुरुष व 479 युवतियां हैं।

श्रम एवं रोजगार विभाग, रोजगार एवं प्रशिक्षण निदेशालय एवं गुजरात यूनिवर्सिटी प्लेसमेंट सेल के संयुक्त तत्वावधान में आयोजित इस मेले का उदघाटन करते हुए मुख्य सचिव जे.एन.सिंह ने कहा कि इस वर्ष अब तक



अहमदाबाद जिले में ही 37 रोजगार मेले हो चुके हैं, जिसमें 20 हजार युवाओं को नौकरी मिली है। समारोह में श्रम एवं रोजगार विभाग के अतिरिक्त मुख्य सचिव विपुल मित्रा, जिला कलक्टर डॉ.विक्रांत पांडे व जीयू प्लेसमेंट सेल की संयोजक किंजल देसाई भी उपस्थित थी। जिला रोजगार कार्यालय के सहायक निदेशक एस.आर. विजयवर्गीय ने बताया कि रोजगार मेले में जिला रोजगार कार्यालय में पंजीकृत 95 हजार युवाओं ने भी हिस्सा लिया। मीडिया के माध्यम से जानकारी पाकर यहां पहुंचे विद्यार्थियों को भी मौका दिया गया। 6134 पदों के लिए 44 कंपनियों की ओर से रोजगार मेले में दसवीं कक्षा से लेकर स्नातकोत्तर की डिग्री वाले विद्यार्थियों ने शिरकत की।

जीयू के कुलपति प्रो.हिमांशु पंड्या ने बताया कि विद्यार्थियों को 96 हजार से लेकर छह लाख रुपए तक के पैकेज ऑफर किए गए। यह दूसरा मौका है जब जीयू परिसर में विद्यार्थियों के लिए कंपनियां और विद्यार्थियों को प्लेटफॉर्म उपलब्ध कराया गया है।